(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૧/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૮/૦૯/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા, મું.અમરેલી,ની મીટર ખામીને લીધે વધુ રકમનું બિલ મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૧–૨૨/૨૫૦૯ તા.૨૪/૦૮/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૮/૦૯/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હું મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવડીયા, વપરાશકર્તા વર્ષાબેન એચ.ઓઝા ના મકાનમાં ભાડેથી ફેબ્રુ–૨૦૨૧ થી રહુ છું. જે મકાનમાં હાલ જુન–જુલાઈ–૨૦૨૧ નું બિલ મીટર રીડીગ હાલનું રીડીગ ૯૮૩૦ – પાછલું રીડીગ ૭૯૮૫ = ૧૮૪૫ વપરાશ નું બિલ ફટકારેલ છે. જે મને અન્યાય કર્તા બાબત છે. જે બાબતે મેં અમરેલી સીટી(ટાઉન) પીજીવીસીએલ ઓફીસમાં ફાસ્ટ મીટર ની અરજી કરેલ. જે બાબતે તા.૪/૮/૨૦૨૧ ના રોજ નવું મીટર નિયમાનુસાર બદલી આપેલ અને મીટર ચકાસણી લેબ રીપોર્ટ માટે મને તા.૯/૮/૨૦૨૧ તારીખ આપેલ જે સમયે હાજર રહેલ અને મને લેબ રીપોર્ટ, એમઆરઆઈ રીપોર્ટ પણ આપેલ છે અને મીટર ઓકે કહે છે પણ મારા મત મુજબ મને આ બાબત પણ ગ્રાહય રહેતી નથી. અગાઉના ત્રણ બિલ જાન્યુ–૨૦૦ /માર્ચ–૫૯૩/મે–૩૬૫ યુનિટ ના બિલો પાછળ ના બિલના વિગત ની દર્શાવે છે. જે બાબતે અચાનક ૧૮૪૫ યુનિટ નું બિલ કઈ રીતે ? જે બાબતે મારી નમ્ર અરજ છે

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૧/૨૧–૨૨</u> ☜

વાદી :– **શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા,**

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>રજુઆતની તારીખઃ– તા.૦૮/૦૯/૨૦૨૧</u> ◈

હાજર રહયા :– **શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી–૧, અમરેલી (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા, મું.અમરેલી,ની મીટર ખામીને લીધે વધુ રકમનું બિલ મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૧/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલી ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૧/૨૧–૨૨/૨૫૦૯ તા.૨૪/૦૮/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૮/૦૯/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી કે.આર.પરીખ, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી–૧, અમરેલી ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

જય ભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હું મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવડીયા, વપરાશકર્તા વર્ષાબેન એચ.ઓઝા ના મકાનમાં ભાડેથી ફેબ્રુ–૨૦૨૧ થી રહુ છું. જે મકાનમાં હાલ જુન–જુલાઈ–૨૦૨૧ નું બિલ મીટર રીડીગ હાલનું રીડીગ ૯૮૩૦ – પાછલું રીડીગ ૭૯૮૫ = ૧૮૪૫ વપરાશ નું બિલ ફટકારેલ છે. જે મને અન્યાય કર્તા બાબત છે. જે બાબતે મેં અમરેલી સીટી(ટાઉન) પીજીવીસીએલ ઓફીસમાં ફાસ્ટ મીટર ની અરજી કરેલ. જે બાબતે તા.૪/૮/૨૦૨૧ ના રોજ નવું મીટર નિયમાનુસાર બદલી આપેલ અને મીટર ચકાસણી લેબ રીપોર્ટ માટે મને તા.૯/૮/૨૦૨૧ તારીખ આપેલ જે સમયે હાજર રહેલ અને મને લેબ રીપોર્ટ, એમઆરઆઈ રીપોર્ટ પણ આપેલ છે અને મીટર ઓકે કહે છે પણ મારા મત મુજબ મને આ બાબત પણ ગ્રાહય રહેતી નથી. અગાઉના ત્રણ બિલ જાન્યુ–૨૦૦ /માર્ચ–૫૯૩/મે–૩૬૫ યુનિટ ના બિલો પાછળ ના બિલના વિગત ની દર્શાવે છે. જે બાબતે અચાનક ૧૮૪૫ યુનિટ નું બિલ કઈ રીતે ? જે બાબતે મારી નમ્ર અરજ છે

P.G.V.C.L. Bhavnagar

કે, એમઆરઆઈ રીપોર્ટ અનુસાર મારી સમજ મુજબ કઈ ફેર છે જે બિલ સાથે સુસંગત નથી અને બાબતે તત્કાલ કાર્યવાહી કરીને મને યોગ્ય ન્યાયિક સંતોષ મળે તે બાબતે તત્કાલ તપાસ કાર્યવાહી થાય તેવી મારી લાગણી સભર માંગણી છે.

જે બાબતે આપ સાહેબશ્રી ને મારૂં નમ્ર નિવેદન છે કે, એમઆરઆઈ રીપોર્ટ, અને છેલ્લું જુન–જુલાઈ–૨૦૨૧ નું લાઈટબિલ ની ઝેરોક્ષ ની કોપી આ સાથે મોકલાવું છું.

જે બાબતે યોગ્ય તપાસ કાર્યવાહી કરીને મને અમરેલી ટાઉન ડિવિઝન પીજીવીસીએલ માંથી યોગ્ય જવાબ મને સંતોષકારક મળેલ નથી. જે બાબતે મને યોગ્ય ઉતર મળે અને પીજીવીસીએલ ની સારી ઈમેજ લોકોના માનસપટ પર છવાઈ જાય તેવું યથા યોગ્ય કરશોજી.

તેમજ આ બાબતે જે છેલ્લા એમઆરઆઈ રીપોર્ટ મુજબ મીટર નં.SR NO.PGST-843769 અને ગ્રાહક નં. 83102/02843/9 મની અરજી ની વપરાશકર્તા તરીકે મને યોગ્ય ન્યાય મળે તેવી આશા અભિલાષા સહ,

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

ઉપરોકત વિષય તેમજ સંદર્ભ ના અનુસંધાને જણાવવાનું કે, શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા, રે.અમરેલી ના ગ્રાહક નં–૮૩૧૦૨૦૨૮૪૩૮ થી ૨.૦ કિ.વો. નું RGPU ના ટેરીફ નું વિજ જોડાણ ગ્રાહક નું નામ વર્ષાબેન એચ.ઓઝા ના વિજ વપરાશ કર્તા છે. સંદર્ભીત પત્ર થી ફરીયાદ મળેલ. જેમાં, અરજદાર ની રજૂઆત અનુસાર અમરેલી શહેર પેટા વિભાગીય કચેરી ના સદર ગ્રાહક ના વિજ જોડાણ માટે લાગેલ વિજ મીટર નં – PGST 00843769 માહે જુન જુલાઈ–૨૦૨૧ માટે મીટર રીડીગ બાદ આપવામાં આવેલ વિજ બિલ ૧૮૪૫ યુનિટ નું છે. જેમાં, પાછળ નું રીડીગ ૭૯૮૫ તથા હાલના મીટર રીડીગ ૯૮૩૦ યુનિટ મુજબ આપવામાં આવેલ છે. જેથી, અરજદાર દ્વારા મીટર ફાસ્ટ હોવાની શંકા સાથે અમરેલી શહેર પેટા વિભાગ માં અરજ કરેલ. પેટા વિભાગીય કચેરી દ્વારા સદરહુ મીટર ને તા.૪/૮/૨૦૨૧ ના રોજ બદલી નવું મીટર લગાવી જૂના મીટર ને લેબોરેટરી પરીક્ષણ માટે ગ્રાહક ના પ્રતિનિધિ ની હાજરીમાં પેપર પેક કરી કબ્જે લીધેલ.

સદરહુ મીટરનું લેબોરેટરી પરીક્ષણ પણ ગ્રાહક ના પ્રતિનિધિ તેમજ વિજ વપરાશ કર્તા શ્રી મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવડીયા ની હાજરીમાં તા.૯/૮/૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ. લેબોરેટરી ખાતે એ સ્પષ્ટ થયેલ છે કે, મીટર માં કોઈપણ પ્રકારની ખામી જોવા મળેલ નથી અને મીટર બરાબર છે. વધુમાં, મીટર ના MRI ડેટા કોમ્પ્યુટર માં ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ આઉટ કાઢી બિલીગ હિસ્ટ્રી મુજબ કોઈપણ પ્રકાર ના એબ્નોર્મલ રીડીગ જોવા મળેલ નથી.

ત્યારબાદ, ગ્રાહક ની બિલીગ ની વિગત લેજરમાં તપાસતા, મીટર રીડર દ્વારા પાછલું રીડીગ તા.૭/૬/૨૦૨૧ ના રોજ ૭૯૮૫ યુનિટ નોંધી કરવામાં આવેલ હતું. બાદમાં, માહે જુન–જુલાઈ–૨૦૨૧ માટે મીટર રીડર દ્વારા તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ ૯૮૩૦ યુનિટ ના રીડીગ ની ગણતરી કરી કુલ વપરાશ યુનિટ ૧૮૪૫ નું બિલ ગ્રાહકશ્રી ને આપેલ. આમ, લેબોરેટરી પરીક્ષણ દરમિયાન એમ.આર.આઈ ડેટા અનુસાર તા.૧/૬/૨૦૨૧ ના રોજ મીટર રીડીગ ૯૩૭૧.૪૬ યુનિટ જોવા મળેલ છે. એટલે કે, મીટર રીડર દ્વારા તા.૭/૬/૨૦૨૧ ના રીડીગ શરતચૂક થી ઓછા

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

લેવાયેલ હોય. જે બાકીના યુનિટ નું બિલ તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ મીટર રીડર દ્વારા આપવામાં આવેલ જેથી અરજદાર ને મીટર ફાસ્ટ હોવાની શંકા ઉદભવેલ છે. પરંતુ, હકીકતે મીટર નો એમ.આર.આઈ ડેટા જોતા ગ્રાહક ના વિજ મીટર માં એમ.ડી.માહે મે માં ૨.૮૦, માહે જુન માં–૨.૪૬, તેમજ માહે જુલાઈ માં ૨.૩૨ જોવા મળેલ છે. આમ, સદર ગ્રાહકે તેમના ઉપકરણો કે વાયરીંગ ની ખામીને પણ વિજ વપરાશ થયેલ હોય તેવું જણાય છે. જે બિલ નિયમ મુજબ નું તેમજ યોગ્ય અને ન્યાયિક છે.

વધુમાં જણાવવાનું કે, નવા મીટર માં તા.૮/૯/૨૦૨૧ ના રીડીગ ૧૩૮૬–૯૮૬ = ૪૦૦ યુનિટ નો વપરાશ ૩૬ દિવસ માં થયેલ છે.

<u>કેસ ની ટૂંકી વિગત</u>

ગ્રાહક નું નામ : વર્ષાબેન એચ.ઓઝા<br>
વિજ વપરાશ કર્તા મહેન્દ્રભાઈ જે કાવડીયા<br>
ગ્રાહક નંબર : ૮૩૧૦૨૦૨૮૪૩૮<br>
કરારીત વિજભાર : ૨.૦૦ કિ.વો.<br>
કેટેગરી : આર.જી.પી.યુ.<br>
મીટર નંબર : PGST-00843769<br>
મીટર બદલ્યા તારીખ : ૪/૮/૨૦૨૧<br>
લેબ પરીક્ષણ તારીખ : ૯/૮/૨૦૨૧<br>
એમ.આર.આઈ મુજબ લોડ : ૨.૮૦<br>
લેબ પરીક્ષણ નું પરીણામ : નોર્મલ ઓ.કે<br>
એમ.આર.આઈ મુજબ છેલ્લા રીડીંગ : ૯૮૬૯.૦૭

<u>મીટર રીડીંગ મુજબ વિજ વપરાશના છેલ્લા છ બિલ ની વિગત</u>

| માહે | બિલીંગ તારીખ | હાલનું રીડીંગ | પાછળનું રીડીંગ | કુલ વપરાશ |
|---|---|---|---|---|
| ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ | ૨૩/૦૯/૨૦૨૦ | ૬૮૨૭ | ૬૮૨૭ | ૦ (લોક સ્ટેટસ) |
| ઓકટો–નવે–૨૦૨૦ | ૨૨/૧૧/૨૦૨૦ | ૬૮૨૭ | ૬૮૨૭ | ૦ (લોક સ્ટેટસ) |
| ડિસે–જાન્યુ–૨૦૨૧ | ૧૮/૦૧/૨૦૨૧ | ૭૦૨૭ | ૬૮૨૭ | ૨૦૦ |
| ફેબ્રુ–માર્ચ–૨૦૨૧ | ૦૫/૦૪/૨૦૨૧ | ૭૬૨૦ | ૭૦૨૭ | ૫૯૩ |
| એપ્રિલ–મે–૨૦૨૧ | ૦૭/૦૬/૨૦૨૧ | ૭૯૮૫ | ૭૬૨૦ | ૩૬૫ |
| જુન–જુલાઈ–૨૦૨૧ | ૩૦/૦૭/૨૦૨૧ | ૯૮૩૦ | ૭૯૮૫ | ૧૮૪૫ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## એમ.આર.આઈ.મુજબ વિજ વપરાશ ની વિગત

| માહે | તારીખ | મીટર રીડીંગ | એમ.ડી | વપરાશ |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી–૨૦૨૧ | ૦૧/૦૨/૨૦૨૧ | ૭૧૩૨.૭૮ | ૧.૯૨ | .... |
| માર્ચ–૨૦૨૧ | ૦૧/૦૩/૨૦૨૧ | ૭૫૩૭.૩૨ | ૨.૫૨ | ૪૦૪.૫૪ |
| એપ્રિલ–૨૦૨૧ | ૦૧/૦૪/૨૦૨૧ | ૮૧૪૦.૪૯ | ૨.૭૨ | ૬૦૩.૧૭ |
| મે–૨૦૨૧ | ૦૧/૦૫/૨૦૨૧ | ૮૭૯૫.૪૧ | ૨.૮૦ | ૬૫૪.૯૨ |
| જુન–૨૦૨૧ | ૦૧/૦૬/૨૦૨૧ | ૯૩૭૧.૪૬ | ૨.૪૬ | ૫૭૬.૦૫ |
| જુલાઈ–૨૦૨૧ | ૦૧/૦૭/૨૦૨૧ | ૯૮૪૩.૫૯ | ૨.૩૨ | ૪૭૨.૧૩ |
| ઓગષ્ટ–૨૦૨૧ | ૦૧/૦૮/૨૦૨૧ | ૯૮૬૯.૦૭ | ૧.૫૮ | ૨૫.૪૮ |

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી મહેન્દ્રભાઈ જે કાવડીયા, અમરેલી શહેર માં ઘર વપરાશ નું સીગલ ફેઈઝ વિજ જોડાણ ગ્રાહક નં–૮૩૧૦૨/૦૨૮૪૩/૯ થી ધરાવે છે.

૩.૨ વાદીની રજૂઆત છે કે, પ્રતિવાદી એ તેઓને તા.૩૦/૭/૨૦૨૧ નું ૧૮૪૫ યુનિટ વિજ વપરાશ નું વિજ બિલ આપેલ છે. વિજ વપરાશ વાદીની સામાન્ય વિજ વપરાશ કરતાં ખૂબ જ વધારે છે.

૩.૩ વાદી ની મીટર ફાસ્ટ હોવાની ફરીયાદ પરથી પ્રતિવાદીએ ત.૪/૮/૨૦૨૧ ના રોજ વાદીના વિજ સ્થાપન પર નું સીગલ ફેઈઝ વિજ મીટર બદલાવી નવું મીટર લગાડેલ.

૩.૪ તા.૯/૮/૨૦૨૧ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબ માં વાદીના બદલાવેલ મીટર નું લેબ પરીક્ષણ વાદીની હાજરીમાં કરવામાં આવેલ.મીટર ના લેબ પરીક્ષણ દરમિયાન મીટર ના રીડીંગ ૯૮૬૯ નોંધાયેલ છે. તેમજ મીટર નો એમઆરઆઈ લેવામાં આવેલ.

૩.૫ વાદી ના વિજ સ્થાપન પરનું મીટર બદલતા સમયે પ્રતિવાદીએ વાદીનું ઘર વપરાશ નો વિજ ભાર નોંધેલ જે મુજબ ૩ ટયુબલાઈટ, ૧ ફ્રીઝ, ૧ ટીવી, ૪ પંખા, પાણીની મોટર–૧, એ.સી.–૧, એલઈડી–૩ જોડેલ હતી.

૩.૬ પ્રતિદવાદીએ ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ થી જુન–જુલાઈ–૨૦૨૧ દરમિયાન વાદીના વિજ સ્થાપન પરના લીધેલ દ્વિમાસીક વિજ વપરાશ નો રેકર્ડ રજૂ કરેલ છે. જે નીચે મુજબ છે.

| માહે | બિલીંગ તારીખ | હાલનું રીડીંગ | પાછળનું રીડીંગ | કુલ વપરાશ |
|---|---|---|---|---|
| ઓગષ્ટ–સપ્ટે–૨૦૨૦ | ૨૩/૦૯/૨૦૨૦ | ૬૮૨૭ | ૬૮૨૭ | ૦ (લોક સ્ટેટસ) |
| ઓકટો–નવે–૨૦૨૦ | ૨૨/૧૧/૨૦૨૦ | ૬૮૨૭ | ૬૮૨૭ | ૦ (લોક સ્ટેટસ) |
| ડિસે–જાન્યુ–૨૦૨૧ | ૧૮/૦૧/૨૦૨૧ | ૭૦૨૭ | ૬૮૨૭ | ૨૦૦ |
| ફેબ્રુ–માર્ચ–૨૦૨૧ | ૦૫/૦૪/૨૦૨૧ | ૭૬૨૦ | ૭૦૨૭ | ૫૯૩ |
| એપ્રિલ–મે–૨૦૨૧ | ૦૭/૦૬/૨૦૨૧ | ૭૯૮૫ | ૭૬૨૦ | ૩૬૫ |
| જુન–જુલાઈ–૨૦૨૧ | ૩૦/૦૭/૨૦૨૧ | ૯૮૩૦ | ૭૯૮૫ | ૧૮૪૫ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

પ્રતિવાદીએ વાદીના વિજ મીટર ના એમઆરઆઈ ની બિલીગ હિસ્ટ્રી ના રેકર્ડ મુજબ ના ફેબ્રુ–૨૦૨૧ થી ઓગષ્ટ–૨૦૨૧ દરમિયાન ના માસીક મીટર રીડીંગ અને વપરાશ નો રેકર્ડ રજૂ કરેલ છે. જે નીચે મુજબ છે.

| માહે | તારીખ | મીટર રીડીંગ | એમ.ડી | વપરાશ |
|---|---|---|---|---|
| ફેબ્રુઆરી–૨૦૨૧ | ૦૧/૦૨/૨૦૨૧ | ૭૧૩૨.૭૮ | ૧.૯૨ | .... |
| માર્ચ–૨૦૨૧ | ૦૧/૦૩/૨૦૨૧ | ૭૫૩૭.૩૨ | ૨.૫૨ | ૪૦૪.૫૪ |
| એપ્રિલ–૨૦૨૧ | ૦૧/૦૪/૨૦૨૧ | ૮૧૪૦.૪૯ | ૨.૭૨ | ૬૦૩.૧૭ |
| મે–૨૦૨૧ | ૦૧/૦૫/૨૦૨૧ | ૮૭૯૫.૪૧ | ૨.૮૦ | ૬૫૪.૯૨ |
| જુન–૨૦૨૧ | ૦૧/૦૬/૨૦૨૧ | ૯૩૭૧.૪૬ | ૨.૪૬ | ૫૭૬.૦૫ |
| જુલાઈ–૨૦૨૧ | ૦૧/૦૭/૨૦૨૧ | ૯૮૪૩.૫૯ | ૨.૩૨ | ૪૭૨.૧૩ |
| ઓગષ્ટ–૨૦૨૧ | ૦૧/૦૮/૨૦૨૧ | ૯૮૬૯.૦૭ | ૧.૫૮ | ૨૫.૪૮ |

૩.૭ પ્રતિવાદીએ વાદીના વિજ સ્થાપન પરના મીટર ના નોંધેલ દ્વિમાસીક રીડીંગ અને તેની વપરાશને એમઆરઆઈ ના બિલીગ ડેટા ના રીડીંગ સાથે સરખાવતા જોવા મળે છે કે, પ્રતિવાદીના મીટર રીડરે તા.૧૮/૦૧/૨૦૨૧, તા.૦૫/૦૪/૨૦૨૧ અને તા.૦૭/૦૬/૨૦૨૧ ના રોજ નોંધેલ રીડીંગ મીટર ના ખરેખર ના નોંધાયેલ રીડીંગ કરતા ઓછા રીડીંગ છે. એટલે કે, પ્રતિવાદી ના મીટર રીડરે વાદીના મીટર નું રીડીંગ ખોટા લીધેલ છે અને ઓછું રીડીંગ નોંધી ઓછા વિજ વપરાશ નું બિલ બનાવેલ છે.

પ્રતિવાદીના મીટર રીડરે જુન–જુલાઈ–૨૦૨૧ ના વિજ બિલ માં તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ નોંધેલ મીટર રીડીંગ ૯૮૩૦ છે અને એમઆરઆઈ ના બિલીગ ડેટા મુજબ તા.૧/૮/૨૦૨૧ ના રોજ વાદીના વિજ સ્થાપન પર ના મીટર ના રીડીંગ ૯૮૬૯ જોવા મળેલ છે. આથી, સ્પષ્ટ થાય છે કે, તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ પ્રતિવાદી ના મીટર રીડરે મીટર માં નોંધાયેલ રીડીંગ મુજબ નું વિજ બિલ બનાવેલ છે.

૩.૮ તારણ નં–૩.૬ અને ૩.૭ ઉપરથી એવું તારણ કાઢવામાં આવે છે કે, પ્રતિવાદીના મીટર રીડરે ફેબ્રુ–માર્ચ–૨૦૨૧ અને એપ્રિલ–મે–૨૦૨૧ ના દ્વિમાસીક વિજ બિલ બનાવવામાં ઓછા રીડીંગ ની નોંધ કરી વાદીને વિજ બિલ આપેલ છે. જેથી, ભેગા થયેલ(એકયુમલેટેડ) વિજ વપરાશ તા.૩૦/૭/૨૦૨૧ ના રોજ પ્રતિવાદી ના મીટર રીડરે લીધેલ રીડીંગ માં જોવા મળે છે. આમ, વાદીએ ખરેખર મીટરમાં નોંધાયેલ મીટર રીડીંગ પ્રમાણે વિજ વપરાશ કરેલ છે. તેથી, વાદીને જુન–જુલાઈ–૨૦૨૧ નું ૧૮૪૫ યુનિટ નું આપવામાં આવેલ વિજ બિલ યોગ્ય છે જે વાદીએ ભરવાપાત્ર છે.

૩.૯ પ્રતિવાદી ના મીટર રીડરે ફેબ્રુ–માર્ચ–૨૦૨૧ અને એપ્રિલ–મે–૨૦૨૧ માસના બનાવેલ વિજ બિલમાં સાચા મીટર રીડીંગ ની નોંધ કરેલ નથી જેને લીધે વાદીની ફરીયાદ ઉભી થયેલ છે. આથી, પ્રતિવાદીને સૂચના આપવામાં આવે છે કે, સંબંધિત મીટર રીડર સામે બેદરકારી અંગેના ખાતાકીય પગલા ભરવા.

Redressal Forum
P.G.V.C.L
Bhavnagar

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૮ અને ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૦૮/૦૯/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar